Children's RESEARCH UNIVERSITY

**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીને શાહપુર ખાતે મળેલી જમીનને જે.સી.બી.થી ઝાડી–ઝાંખરા સાફ તેમજ ડમ્પિંગ કરવા માટેના ભાવ–પત્રક બાબત.**

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીને શાહપુર ખાતે મળેલી સર્વે નં. ૩૬૪/૦૦૨/૦૦૨/૦૦૩ ખાતે મળેલી ૯૭૧૨૮ ચો.મી. જમીનમાં ખૂબ જ ઉંચા નીચા ઢોળાવમાં થયેલા ઝાડી–ઝાંખરા જે.સી.બી.થી દૂર કરી જમીન સાફ કરવા અને ઝાડી ઝાંખરાને ડમ્પિંગ કરવા માટેની કામગીરીનાં હેતુસર સીલબંધ કવરમાં ભાવ–પત્રકો આમંત્રિત કરવામાં આવે છે. કામગીરીની વિગત નીચે મુજબ છે :

| | |
|---|---|
| **કામનું નામ** | **ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની શાહપુર ખાતેની જમીન જે.સી.બી.થી સાફ–સફાઈ અને ઝાડવા ડમ્પિંગ કરવા માટેનું ભાવ–પત્રક.** |
| ભાવ–પત્રકો વેબસાઈટ પરથી મેળવવાની તારીખ અને સમય | તા. ૨૬/૦૩/૨૦૨૫, સમય : ૧૧:૦૦ કલાકે |
| ભાવ– પત્રકો યુનિવર્સિટી ખાતે પરત કરવાની તારીખ અને સમય | તા. ૦૯/૦૪/૨૦૨૫, સમય : સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધી |
| ભાવ–પત્રકો સંબંધિત ફરજિયાત મુલાકાત સ્થળ | ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, સેકટર–૨૦, ગાંધીનગર |
| કામનું સ્થળ | સર્વે નં. ૩૬૪/૦૦૨/૦૦૨/૦૦૩, ગુજરાત બાયોટેકનોલોજીની પાછળ, જેટકો સબ સ્ટેશનની પાછળના ભાગમાં, શાહપુર ગામ, ગિફ્ટસીટી |

ભાવ–પત્રક અંગે વિગતવાર માહિતી મેળવવા ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની વેબ સાઈટ **www.cugujarat.ac.in** પરથી તા. ૨૬/૦૩/૨૦૨૫થી તા. ૦૯/૦૪/૨૦૨૫ સુધીમાં ડાઉનલોડ કરી શકાશે. ભરેલા ભાવ–પત્રકો સીલબંધ કવરમાં કુલસચિવશ્રી, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, છ–૫ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલ નજીક, સેક્ટર–૨૦, ગાંધીનગર–૩૮૨૦૨૧ ખાતે ફરજિયાત પાર્સલ/કુરિયર/પ્રાઈવેટ સર્વિસથી/પોસ્ટથી/RPADથી જ મોકલવાનાં રહેશે. રૂબરૂમાં ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિં, જે ધ્યાને લેશો.

નોંધ : ફરજિયાત રૂબરૂ સ્થળ પર મુલાકાત લઈને પછી જ ભાવો ભરવાના રહેશે. ભાવ ભર્યા બાદ કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

## ભાવ–પત્રક ભરનાર માટેની શરતો

૧. આ કામગીરી અંગેના ભાવપત્રક યુનિવર્સિટીની વેબ સાઇટ www.cugujarat.ac.in પરથી તા. ૦૯/૦૪/૨૦૨૫ સાંજે ૦૫:૦૦ કલાક સુધીમાં મેળવી ભરવાના રહેશે અને નિયત તારીખ સુધીમાં યુનિવર્સિટી ખાતે સીલબંધ કવરમાં પહોંચતા કરવાના રહેશે. તા. ૦૯/૦૪/૨૦૨૫ બાદ આપેલા ટેન્ડરો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. જેમાં ભાવ પત્રક ફી પેટે **રૂ. ૫૦૦ /– (Non Refundable)**નો ડી.ડી. **"ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી"**નાં નામનો જોડવાનો રહેશે.

૨. વર્ક ઓર્ડર મળ્યા બાદ આ કામગીરી ચોકસાઈ પૂર્વક યુનિવર્સિટીના પ્રતિનિધીના સતત માર્ગદર્શનમાં કરવાની રહેશે.

૩. કામગીરી દરમિયાન થયેલ નુકશાન જે–તે એજન્સીએ ભોગવવાનું રહેશે.

૪. નિયત સમય મર્યાદામાં કામગીરી ન થાય તેવા સંજોગોમાં એજન્સીએ પેનલ્ટી ભરવાની રહેશે.

૫. ભાવપત્રકમાં દર્શાવેલ રકમ તમામ કરવેરા સાથેની રહેશે.

૬. ઉપરોક્ત જણાવેલ કામગીરીમાં વધ–ઘટ કરવાની સત્તા યુનિવર્સિટીની રહેશે.

૭. કામગીરી કરનાર ઈજારદાર પાસે PAN Card, /GST નોંધણી ફરજીયાત હોવી જોઈએ.

૮. ટેન્ડર સંબંધિત કોઈ પણ બાબતે અબાધિત અધિકાર ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીનો રહેશે, જે એજન્સીને બંધનકર્તા રહેશે.

૯. પાર્ટી/એજન્સી/કોન્ટ્રાકટર ભાવપત્રક મોકલતી વખતે નીચે મુજબની માહિતી મોકલવાની રહેશે.
   ૧) સીલબંધ કવરમાં ભાવપત્રક.
   ૨) એજન્સીનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ અથવા નોંધણીનો આધાર.
   ૩) એજન્સીનું PAN CARD/GST સર્ટીફીકેટની નકલ

૧૦. સદર કામગીરીનો વર્કઓર્ડર મળ્યા બાદ દિન–૦૩માં એજન્સીએ સિક્યુરિટી ડીપોઝીટ પેટે માન્ય રહેલા ભાવના ૩% લેખે ડી.ડી. જમા કરાવવાનો રહેશે.

૧૧. ઉપરોક્ત ડોક્યુમેન્ટ ફરજિયાત પણે ભાવપત્રક સાથે મોકલવાના રહેશે. અન્યથા ફાઈનાન્સિયલ બીડ ખોલવામાં આવશે નહિં. જો એજન્સી ટેકનિકલ રીતે માન્ય થશે તો જ ફાયનાન્સિયલ બીડ ખોલવા માટે માન્ય ગણાશે.

૧૨. **ટેકનિકલ બીડ અને ફાઈનાન્સિયલ બીડ બંને અલગ અલગ કવરમાં જમા કરાવવાના રહેશે.**

૧૩. ઉપરોક્ત ભાવ–પત્રક પર સ્પષ્ટ **"ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની શાહપુર ખાતેની જમીન સાફ–સફાઈ અને ઝાડવાને ડમ્પિંગ કરવા માટેના ભાવ–પત્રક"** લખવાંનું રહેશે.

કુલસચિવ
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

## પાર્ટી/એજન્સી/કોન્ટ્રાકટરની વિગત:

૧. પેઢીનું નામ અને સરનામુ:

૨. પેઢીની માહિતિ :

૩. સંપર્ક નંબર :

૪. ઇ–મેઈલ :

૫. રજીસ્ટ્રેશનની વિગત :

૬. પાન કાર્ડ નંબર :

૭. જી.એસ.ટી. રજિસ્ટ્રેશન નંબર :

૮. કરેલા કામના અનુભવની વિગત :

પાર્ટી/એજન્સી/કોન્ટ્રાકટરની સહી

ઉપરોક્ત તમામ વિગતોમાં માન્ય સહી–સિક્કા સાથેનાં આધારો ફરજિયાત પણે જોડવાનાં રહેશે,જે ટેકનિકલ એવ્યુલેશન સમયે ધ્યાને લેવાશે.

Children's RESEARCH UNIVERSITY

## <u>Price Bid Format</u>

| Sr. No. | Item Name | Amount Rs. (With All Taxes) |
|---|---|---|
| ૦૧ | શાહપુર જમીન ખાતે સર્વે નં. ૩૬૪/૦૦૨/૦૦૨/૦૦૩માં ગુડા દ્વારા મારવામાં આવેલા ખૂટની ૯૭૧૨૮ ચો.મી.ની જમીનમાં આવેલા તમામ ઝાડી–ઝાંખરાને જે.સી.બી.થી દૂર કરી જમીન ચોખ્ખી કરી અને તમામ ઝાડી–ઝાંખરાને ડમ્પિંગ કરવાની કામગીરી માટે સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત બાદ ભરેલા ભાવ | |

**SIGNATURE OF AUTHORIZED PERSON WITH SEAL**

Children's RESEARCH UNIVERSITY

## સામાન્ય શરતો અને બાહેંધરી પત્રક
(ભાવ પત્રક અને આ બાહેંધરી પત્રક સહી–સિક્કા સાથે ફરજીયાત જમાં કરાવવાના રહેશે.)

- ફરજિયાત રૂબરૂ સ્થળ પર મુલાકાત લઈને પછી જ ભાવો ભરવાના રહેશે. ભાવ ભર્યા બાદ કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં.
- ઉપરોક્ત કામગીરી માટે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી સૌથી ઓછા ભાવ ભરનાર એજન્સીને અથવા એક કરતા વધુ એજન્સીને કામ સોંપી શકે તેનો અબાધિત અધિકાર ધરાવે છે.
- ઉપરોક્ત ભરેલ ભાવો સિવાય કોઇ પણ જાતનો અન્ય કોઇ ખર્ચ જેમ કે, જી.એસ.ટી., લેબર, અથવા વાહનભાડું ચુકવવામાં આવશે નહી જે ધ્યાને લઇ ભાવો ભરવાના રહેશે.
- બિલ રજૂ કરતી સમયે જે તે જવાબદાર અધિકારીશ્રી પાસેથી કામગીરી સંતોષકારક પુર્ણ કરેલ છે તે બાબતની સહી મેળવી લેવાની રહેશે તેમજ બિલ રજૂ થયેથી નિયમાનુસાર કપાત કર્યા બાદ બિલનું ચુકવણું કરવામાં આવશે.
- વાટાઘાટો માટેની સત્તા યુનિવર્સિટીની રહેશે, જે મુજબ કાર્યવાહી એજન્સીને બંધનકર્તા રહેશે.
- વર્કઓર્ડર મળ્યેથી એજન્સી દ્વારા જમીન ઉપર સતત એક સુપરવાઈઝર રાખવાનો થશે જે દિવસના અંતે કરેલી કામગીરીનો રિપોર્ટ કચેરીના પ્રતિનિધિને સોંપવાનો રહેશે તેમજ તેમાં બંને પક્ષકારોની સહીથી પ્રમાણિત કરવાનું રહેશે.
- જમીન ખાતે કામ કરતા દરેક વ્હીકલની/મજૂરની તેમજ દરેક સાધન સામગ્રીની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે.
- કામગીરી પૂર્ણ કર્યા બાદ જ યુનિવર્સિટી અધિકારી દ્વારા પ્રમાણિત થયેથી જ બિલની ચુકવણીની કામગીરી કરવામાં આવશે.

**SIGNATURE OF AUTHORIZED PERSON WITH SEAL**